PGVCL

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોન: (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭; ફેક્સ: ૨૩૮૦૪૨૮;
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

PGVCL

પીજીવીસીએલ/પ્રોજેકટ/ ૧૫૮૦ તા ૨૮/૧૨/૨૦૧૮

પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી,
પી.જી.વી.સી.એલ., વર્તુળ કચેરી,
રાજકોટ રૂરલ/ અમરેલી/ ભાવનગર/ જામનગર/અંજાર/
સુરેન્દ્રનગર/ બોટાદ/ ભુજ/ પોરબંદર/જુનાગઢ/મોરબી

વિષય:- રાજયમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુઓ માટે ઘાસચારાના વાવેતરની ખાતરી આપે તેવા અરજદારોને આઉટ ઓફ ટર્ન વીજજોડાણ આપવા બાબત

સંદર્ભ:-જીયુવીએનએલ ના પત્ર ક્રમાંક:-જીયુવીએનએલ-ટેક-૩-ડીઇ-૩-૨૮૬૨ તા.૨૮.૧૨.૨૦૧૮

આ સાથે ઉપરોક્ત સદર્ભ માં દર્શાવેલ પત્ર ની નકલ આ સાથે સામેલ છે, જે ધ્યાને લઈ આપના તાબા હેઠળની કચેરીઓને જરૂરી અમલીકરણ માટે જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે.

(સહી)
મુખ્ય ઇજનેર (પ્રોજેકટ)
નિગમીત કચેરી, રાજકોટ

બિડાણ:- ઉપર મુજબ

<u>નકલ સાદર રવાના:-</u>

- ઇ.એ.ટુ એમ.ડી.,પીજીવીસીએલ,નિગમીત કચેરી રાજકોટ

<u>નકલ રવાના:-</u>

- મુખ્ય ઈજનેરશ્રી (ટેક), પીજીવીસીએલ, નિગમીત કચેરી, રાજકોટ
- મુખ્ય ઇજનેરશ્રી, પીજીવીસીએલ, ઝોનલ કચેરી, ભાવનગર

# ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.

## સરદાર પટેલ વિદ્યુત ભવન રેસકોર્સ વડોદરા.

ફોન ૨૩૩૮૨૮૧ -૮૬ ફેક્સ ૨૩૩૭૯૧૮ ૨૩૩૮૧૬૪ / ૨૩૪૦૨૦૫

(An ISO 9001:2008 Company) CIN U40109GJ2004SGC045195

150 YEARS OF CELEBRATING THE MAHATMA

Email:setech.guvnl@gebmail.com

Web site: www.guvnl.com


No. GUVNL/Tech-3/DE-3/ ૨૪૬૨

Date: ૨૪.૧૨.૧૪

પ્રતિ,

મુખ્ય ઇજનેરશ્રી (ટેક)/(પ્રોજેક્ટ)

દક્ષિણ / મધ્ય / ઉત્તર / પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી

કોર્પોરેટ ઓફિસ સુરત - વડોદરા - મહેસાણા - રાજકોટ

વિષય - રાજ્યમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં પશૂઓ માટે ઘાસચારાના વાવેતરની ખાતરી આપે તેવા અરજદારોને આઉટ ઓફ ટર્ન વીજ જોડાણ આપવા બાબત.

સંદર્ભ - ઉ અને પે વિભાગ, ગાંધીનગરનો તા. ૨૪.૧૨.૨૦૧૮ નો ઠરાવ ક. જીયુવી-૧૫૨૦૧૮-૨૯૨૮-ક૧.

ઉ અને પે વિભાગ દ્વારા " રાજયમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં પશૂઓ માટે ઘાસચારાના વાવેતરની ખાતરી આપે તેવા અરજદારોને આઉટ ઓફ ટર્ન વીજ જોડાણ આપવા બાબત" તા. ૨૪.૧૨.૨૦૧૮, ઠરાવ ક. જીયુવી-૧૫૨૦૧૮-૨૯૨૮-ક૧ થી બહાર પાડવામાં આવેલ છે. શરતો અને માર્ગદર્શનથી સ્વયં સ્પષ્ટ સદર ઠરાવ જાણ અને યોગ્ય કાર્યવાહી અર્થે સામેલ છે.

સદર યોજનાની બહોળી પસિધ્ધિ કરવાની રહેશે.

બીડાણ - ઉપર મુજબ

(signature)

કા.વા. મુખ્ય ઇજનેર(ટેક)

<u>નકલ સવિનય રવાના -</u>

- મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ વડોદરા.
- ડાયરેકટરશ્રી(ફાઇનાન્સ) (ટેક), જીયુવીએનએલ, વડોદરા.
- નાયબ સચિવશ્રી, ઉ અને પે વિભાગ, ગાંધીનગર
- લાયઝન ઓફીસરશ્રી, મા. ઉર્જામંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.

<u>નકલ સાદર રવાના-</u>

- અધ્યક્ષશ્રી, ભારતીય કિસાન સંઘ
  ગુજરાત પ્રદેશ, બલરામ મંદિર પરિસર, કલેકટર ઓફીસ સામે
  "ઘ" રોડ, ગાંધીનગર.
- સેકશન ઓફિસરશ્રી (ક-૧), ઉર્જા અન પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગર
- સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ વડોદરા.




Scanned with CamScanner

**રાજ્યમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુઓ માટે ઘાસ ચારાના વાવેતરની ખાતરી આપે તેવા અરજદારોને આઉટ ઓફ ટર્ન વીજ જોડાણો આપવા બાબત**

**ગુજરાત સરકાર**
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**
**ઠરાવ ક્રમાંક : જીયુવી-૧૫૨૦૧૮-૨૯૨૮-ક.૧**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ: ૨૪/૧૨/૨૦૧૮**

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાનો તારીખ- 03/૧૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક: જીયુવીએનએલ/ઈઈ-3/ડીઇ-3/૨૬૫૬

**પ્રસ્તાવના:-**

માન. મુખ્ય મંત્રીશ્રીની તા.૧૯/૧૧/૨૦૧૮ની કચ્છની મુલાકાત દરમિયાન દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂતોને ઘાસ ઉગાડવાના હેતુ માટે અગ્રતાના ધોરણે વીજ કનેક્શન આપવા બાબતે થયેલ રજુઆત સંદર્ભે તા.૨૦/૧૧/૨૦૧૮ના રોજ અછત અંગેની માન. મહેસૂલ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મંત્રીમંડળની પેટા સમિતિની બેઠકમાં દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂતોને પશુઓ માટે ઘાસ ઉગાડવાના હેતુ માટે ઘાસ ચારાના વાવેતરની ખાતરી આપે તો ખેડુત અરજદારોને ખેતી વિષયક વીજ જોડાણો અગ્રતાના ધોરણે (આઉટ ઓફ ટર્ન) આપવા અંગે વિચારણા હાથ ધરવામાં આવેલ હતી.

**ઠરાવ:-**

રાજ્યમાં અપૂરતા વરસાદને કારણે ઉભી થયેલ ઘાસચારાની અછતની સ્થિતિને પહોંચી વળવા અરજદારો કે જેઓ આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખ પહેલાં કૃષિ વીજ જોડાણ મેળવવા નોંધાયેલ હોય અને તેઓ ઘાસચારાના વાવેતરની ખાતરી આપે તો નીચે દર્શાવેલી શરતોએ ફક્ત અસરગ્રસ્ત તાલુકા દીઠ અગ્રિમતાના ધોરણે (આઉટ ઓફ ટર્ન) ૧૦ કનેક્શનો આપવાનું રાજ્ય સરકાર આથી ઠરાવે છે.

**શરતો :-**

(૧) વીજ જોડાણ મેળવવા ઇચ્છતા અરજદારોને સંબધિત મામલતદાર તરફથી પશુઓ માટે ઘાસચારો ઉગાડવા અંગે નિયત કરેલ નમુનામાં મેળવેલ પ્રમાણ પત્ર/સંમતિપત્ર સામેલ કરવાનું રહેશે.

(૨) જે તાલુકા/વિસ્તારને મહેસૂલ/કૃષિ વિભાગ દ્વારા અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે, તેવા તાલુકાઓમાં તાલુકા દિઠ ૧૦ જ ખેતી વિષયક વીજ કનેક્શન અગ્રિમતાના ધોરણે (આઉટ ઓફ ટર્ન) આપવાના રહેશે.

Scanned with CamScanner

(૩) ઘાસચારાના વાવેતર માટે આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખ પહેલાં નોંધાયેલ હોય તેવા અરજદારોને જ અગ્રીમતાના ધોરણે વીજ જોડાણો આપવાના રહેશે.

(૪) આ રીતે અગ્રીમતાના ધોરણે આપવામાં આવનાર વીજ જોડાણો માટે સામાન્ય કૃષિ વિષયક વીજ જોડાણ માટે લાગુ પાડવામાં આવતા વીજ દરો લાગુ પાડવાના રહેશે.

(૫) વીજ જોડાણ મેળવવા માટે અરજદારની પોતાની જમીનમાં કૂવો/ટ્યુબવેલ/બોરવેલ હયાત હોવા અંગે તથા તેમાં પાણીનો પૂરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે તે અંગેનું સંબંધિત તલાટી કમ મંત્રીશ્રીનું પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે.

(૬) આપવામાં આવેલ વીજ જોડાણ ઘાસચારાના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે છે, તે અંગે સંબંધિત મામલતદારશ્રીએ ખાતરી કરવાની રહેશે.

(૭) આ પ્રકારે વીજ જોડાણ મેળવનાર લાભાર્થીએ ઉગાડેલ ઘાસચારો સરકારશ્રી ઠરાવે તેટલા જથ્થામાં અને ઠરાવે તે કિંમતે કલેક્ટરશ્રી અથવા મામલતદારને પૂરો પાડશે તેવી બાંહેધરી નિયત નમૂનામાં આપવાની રહેશે.

(૮) ઘાસચારાના વાવેતર માટે ખેતી વિષયક વિજ જોડાણ મેળવવા માટે આ ઠરાવની તારીખ થી 30 દિવસ સુધીમાં મામલતદારશ્રી ને અરજી કરવાની રહેશે.

(૯) GUVNL/Discom દ્વારા સદર યોજનાની બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(એચ.સી.પટેલ)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (મહેસુલ)ના અંગત સચિવશ્રી સચિવાલય , ગાંધીનગર
- માન રા.ક. મંત્રીશ્રી(ઉર્જા) ના અંગત સચિવશ્રી સચિવાલય , ગાંધીનગર
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી,ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. વડોદરા
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- રાહત કમિશ્નરશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર
- સંબંધિત જીલ્લા કલેક્ટરશ્રીઓ/સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સંબંધિત મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારીઓ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,રાજકોટ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી,દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ વડોદરા,સુરત
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી,ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ વડોદરા, મહેસાણા
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી,મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ વડોદરા , વડોદરા
- પસંદગી ફાઇલ
- [illegible]

Scanned with CamScanner

**ઓછો વરસાદ અને વરસાદની અનિયમિતતાને લીધે બાકી વાવેતર અને ઉભો પાક નાશ થવાને લીધે પશુઓ માટે ઉભી થયેલ ઘાસચારાની પરિસ્થિતિ પહોંચી વળવા અછત અંગેનુ ઘાસચારા ઉગાડવા માટેનું કૃષિવિષયક વિજ જોડાણ મેળવવા માટેનુ મામલતદારશ્રીનું પ્રમાણપત્ર:**

---

૧. અરજદારશ્રી........................................ ગામ: .................. તાલુકો.............. દ્વારા કૃષિવિષયક વિજ જોડાણ મેળવવા અત્રેની કચેરીએ રૂ..................... ભરેલ ની પહોંચ રજૂ કરવામાં આવેલ છે. જેના પહોંચ નંબર .....................તા......................... છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨. અરજદારશ્રી.................. .. . ...... ..... ગામ................... ના તાલુકા......................નો રાજ્ય મહેસૂલ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ અછત ગ્રસ્ત વિસ્તારમાં સમાવેશ થાય છે , થતો નથી.

૩. અરજદાર દ્વારા અછત અંગેનુ કૃષિવિષયક વિજ જોડાણ લીધા બાદ અરજદાર ગામ: ........... ના............. સર્વે નંબર વાળી જમીનમાં પશુઓ માટે ઘાસચારો ઉગાડશે તેની બે સાક્ષીની તથા મારી હાજરીમા સંમતિ આપેલ છે. તથા તે બાબતની સમયાંતરે મારા અથવા મારા દ્વારા નિયુક્ત કરેલ અધિકૃત પ્રતિનિધિ દ્વારા ખાત્રી કરવામાં આવશે.

૪. આ પ્રકારનુ વીજ જોડાણ મેળવીને અરજદાર ઉપરોક્ત જમીનમાં ઉગાડેલ ઘાસચારો સરકારશ્રી ઠરાવે તેટલા જથ્થામાં અને ઠરાવે તેટલી કિમતે કલેક્ટરશ્રી અથવા મામલતદારને પૂરો પાડવાની ખાત્રી આપેલ છે.

Scanned with CamScanner

૩૫ (૬૦)

૫. અરજદાર દ્વારા તેની ઉપરોક્ત જમીનમાં કુવા/ ટ્યુબવેલ/ બોરવેલ માં ઘાસચારો ઉગાડવા માટેનુ પૂરતા પ્રમાણમાં પાણી છે તેનો તલાટી કમ મંત્રીનો દાખલો રજૂ કરેલ છે.

૬. આથી, આ અરજદારને ——ગુજરાત વીજ કંપની લિમિટેડના રેકોર્ડ તપાસીને —— ગુજરાત વીજ કંપની લિમિટેડના પ્રવર્તમાન નિયમાનુસાર તથા સરકારશ્રી ના અછત અંગેના પરિપત્રને .................................. મુજબ અછત અંગેનુ ઘાસચારા ઉગાડવા માટેનું કૃષિવિષયક વિજ જોડાણ આપવા માટેની ભલામણ કરવામાં આવે છે.

તા.

મામલતદારશ્રીની સહી

તથા સિક્કો.

Scanned with CamScanner

(58)

# ઓછો વરસાદ અને વરસાદની અનિયમિતતાને લીધે બાકી વાવેતર અને ઉભો પાક નાશ થવાને લીધે પશુઓ માટે ઉભી થયેલ ઘાસચારાની પરિસ્થિતિ પહોંચી વળવા અછત અંગેનુ ઘાસચારા ઉગાડવા માટેનું કૃષિવિષયક વિજ જોડાણ મેળવવા માટેનુ અરજદારનું બાહેધરી પત્રક:

ખેડૂતનું
નામ:સરનામું:ગામ:તાલુકો:
જીલ્લો:મોબાઇલ નં.:
તા.

આથી, હુ, શ્રી .................................... ગામ: .................... તાલુકો ....................
અછત અંગેનુ ઘાસચારા ઉગાડવા માટેનું કૃષિવિષયક વિજ જોડાણ મેળવવા માટે શુધ્ધ બુધ્ધિથી નીચે મુજબની બાહેધરી આપુ છુ:

૧. મે સામાન્ય નોંધણી યોજના હેઠળ કૃષિવિષયક વિજ જોડાણ મેળવવા માટે તાલુકા:............ ગામ: ........ ના ................. સર્વેનંબરની જમીનમાં વીજ જોડાણ લેવા માટે ... ગુજરાત વીજ કંપની લિમિટેડ નાં ................. સબ-ડીવીઝનમાં રૂ............ ભરીને અરજી કરેલ છે. જેના પહોંચ નંબર ....................તા..................... છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨. હું ખાત્રી આપુ છુ કે અછત અંગેનુ કૃષિવિષયક વિજ જોડાણ મને આપવામાં આવશે તો તેના ઉપયોગથી મારી ઉપરોક્ત સર્વે નંબર વાળી ...........હેકટર ..........એકર ............ગુઠા જમીનમાં પશુઓ માટે ઘાસચારો ઉગાડીશ.

૩. અછત અંગેનુ કૃષિવિષયક વિજ જોડાણનો ઉપયોગ હું પશુઓ માટે ઘાસચારો ઉગાડવા માટે ઉપયોગ કરૂ છુ તે માટે જો મામલતદારશ્રી અથવા તેના દ્વારા અધિકૃત પ્રતિનિધિ વાડીએ ચકાસણી કરવા માટે આવે ત્યારે પૂરી રીતે સહકાર આપીશ.

૪. આ પ્રકારનુ વીજ જોડાણ મેળવીને મારી ઉપરોક્ત જમીનમાં ઉગાડેલ ઘાસચારો સરકારશ્રી ઠરાવે તેટલા જથ્થામાં અને ઠરાવે તેટલી કિંમતે કલેક્ટરશ્રી અથવા મામલતદારશ્રીને પૂરો પાડવાની ખાત્રી આપુ છું.

Scanned with CamScanner

56

૫. અછત અંગેનું કૃષિવિષયક વિજ જોડાણ લેવા માટે મામલતદારશ્રી તરફથી આપવામાં આવતા પ્રમાણપત્ર/ સંમતિ પત્રક ——ગુજરાત વીજ કંપની લિમિટેડ ને રજૂ કરવાની ખાત્રી આપુ છું.

૬. આ સાથે મારી ઉપરોક્ત જમીનમાં કુવા/ ટ્યુબવેલ/ બોરવેલ માં ઘાસચારો ઉગાડવા માટેનુ પૂરતા પ્રમાણમાં પાણી છે તેનો તલાટી કમ મંત્રીનો દાખલો બીડેલ છે.

તા.

અરજદારની સહી

સાક્ષીઓની સહી:

૧. સાક્ષીનું નામ:સાક્ષીનું સરનામુ:
ગામ: સાક્ષીની સહી:

૨. સાક્ષીનું નામ:સાક્ષીનું સરનામુ:
ગામ: સાક્ષીની સહી:

Scanned with CamScanner